# ઈન્દ્રોડા પાર્કમાં સિંહની જોડીનુ આગમન થયુ

**સુપ્રા અને ગ્રીવાની આ જોડી વાતાવરણને સાનુકુળ થઇ રહી છે : ૨૧ દિવસ બાદ વાતાવરણ અનુકુળ થયાના અંતે આમ નાગરિકો સિંહને જોઇ શકે તેવી વ્યવસ્થા ગોઠવાશે : નર સુપ્રા ૧૦ વર્ષનો અને માદા ગ્રીવાની ઉંમર ૮ વર્ષની**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરના ઈન્દ્રોડા પાર્કમાં નર અને માદા સિંહની જોડી આવી ગઈ છે. જુનાગઢના સક્કર બાગમાંથી આ સિંહની જોડી ગીર ફાઉન્ડેશન સંચાલિત ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં આવી ગઈ છે. આગામી ૨૧ દિવસ સુધી આ સિંહની જોડીને નિરિક્ષણ હેઠળ રાખવામાં આવશે જયારે અહીંનુ વાતાવરણ સાનુકુળ થયા બાદ આમ નાગરિકો સિંહની આ જોડીને નિહાળી શકે તેવી વ્યવસ્થા ગોઠવાશે.

ગાંધીનગરમાં પ્રથમવાર એશિયન સિંહનુ આગમન થશે. હાલ એશિયન સિંહના મોતના લીધે વનતંત્ર તેમજ સિંહપ્રેમીઓ માટે એક મોટી ચિંતનો વિષય ઉભો થયો છે. જયારે ગાંધીનગરમાં પ્રથમવાર એશિયન સિંહની જોડીનુ આગમન થતા સ્થાનિકોમાં પણ નર માદા સિંહની આ જોડીને નિહાળવા માટેની ઉત્તેજના પ્રબળ બની છે. જુનાગઢના સક્કર બાગમાંથી આ સિંહની જોડી ગાંધીનગરમાં ગીર ફાઉન્ડેશન સંચાલિત ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં લાવી દેવામાં આવી છે. ગાંધીનગરમાં સિંહ ન હોવાથી પ્રકૃતિ પ્રેમીઓને પણ આ વાત ખુંચતી હતી. જયારે હવે ખાસ આ જોડીને ગાંધીનગર લાવવામાં આવતા નગરજનોમાં પણ અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સિંહની આ જોડી પૈકી એક નર સિંહનુ નામ સુપ્રા અને માદા સિંહણનુ નામ ગ્રીવા છે. સિંહણની ઉમર ૮ વર્ષની છે. જયારે સિંહ ૧૦ વર્ષનો છે. ગીર ફાઉન્ડેશન સંચાલિત પ્રકૃતિ ઉદ્યાનમાં આ સિંહની જોડી આગામી ૨૧ દિવસ સુધી નિરિક્ષણ હેઠળ રાખવામાં આવશે જયારે આગામી દિવસોમાં સિંહને વાતાવરણ સાનુકુળ આવે ત્યાર બાદ આમ નાગરિકો માટે સિંહ દર્શન થાય તેવી વ્યવસ્થા ગોઠવાશે. ગાંધીનગરની ધરતી પર પ્રથમવાર એશિયન સિંહનુ આગમન થયુ છે. અલબત્ત અગાઉ પણ એશિયન સિંહ અહીંયા જોવા મળ્યો નથી. અલબત્ત જુનાગઢના સક્કર બાગમાંથી આ સિંહની જોડીને ખાસ ગાંધીનગર લાવવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં આ સિંહની જોડી સિંહ પ્રેમીઓ સહીત નગરજનો માટે આકર્ષણનુ કેન્દ્ર બનશે.

# શહેરમાં દબાણ તંત્રનો સપાટો

**શહેરના માર્ગો પરથી ૪૫ લારી જપ્ત કરાઇ : ટ્રાફિકને અડચણરૂપ દબાણો દુર કરવા ઉપરાંત દબાણકર્તાઓ સામે ગુન્હા દાખલ કરાયા : હજુ પણ દબાણ હટાવ ઝુંબેશ ચાલુ રહેશે**





ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરના સેકટરોમાં આજે સતત બીજા દિવસે પણ લારી ગલ્લાના દબાણો દુર કરવા માટે ઝુબેશ હાથ ધરવામાં આવી હતી. સે-૭, સે-૨૧ અને સે-૧૧ માંથી તંત્રએ ૪૫ લારીઓ કબજે લીધી હતી. ગઈકાલે પણ દબાણો દુર કરાયા હતા. જયારે આજે પણ દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ટ્રાફિકની દ્રષ્ટીએ અડચણરૂપ હોય તેવા દબાણો દુર કરવાની ઝંબેશ અન્વયે ટ્રાફિક શાખા દ્વારા દબાણકર્તાઓ સામે ગુન્હા પણ દાખલ કરાયા હતા.

ગાંધીનગરમાં દબાણનો પ્રશ્ન દિનપ્રતિદિન પેચીદો બનતો જાય છે. સેકટરોના મુખ્યમાર્ગો પર નજર નાંખો ત્યાં ઠેર ઠેર લારી ગલ્લા ગોઠવાયેલા જોવા મળે છે. નગરના કોર્મશિયલ કોમ્પલેક્ષો આસપાસ પણ વાહન પાર્ક કરવાની જગ્યા મળતી નથી. પાર્કીંગ પ્લેસ જ દબાણોનો અડ્ડો બનતા સર્વિસ રોડ પર વચાળે જ વાહનોનો ખડકલો થઈ જાય છે. જયારે આ સ્થિતિ વચ્ચે અનેકવાર ટ્રાફિક જામ સાથે માર્ગ સલામતી પણ જોખમાતી હોવાનો દ્રશ્યો સર્જાય છે. આ સ્થિતિને નિવારવા તંત્ર દ્વારા અગાઉ પણ દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન નગરને લારી ગલ્લા મુક્ત કરવામાં આવ્યુ હતુ. પરંતુ થોડા સમયના અંતે જ દબાણો યથાસ્થાને ગોઠવાઈ ગયા હતા. આમ લારી ગલ્લા દુર કરવાની ઝુંબેશ અવારનવાર નાટકીય પુરવાર થઈ છે.

ત્યારે છેલ્લા બે દિવસથી મ્યુનિ તંત્ર તેમજ ટ્રાફિક શાખાના સંયુકત ઉપક્રમે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.ગઈકાલે શહેરના રોડ નં -૫ પરથી દબાણો દુર કરાયા બાદ આજે પથિકાશ્રમ, સે-૧૧ સે-૨૧ તેમજ સે-૭ સહીતના વિસ્તારમાંથી દબાણો દુર કરાયા હતા. સુત્રોના જણાંવ્યા મુજબ કુલ ૪૫ લારીઓ

● અનુસંધાન પાન-૭ પર

# મનપા હવે વેન્ડીંગ પ્લાન બનાવી હોકર્સ લાયસન્સ આપશે : ડૉ. ચાવડા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હવે વેન્ડીંગ પ્લાન બનાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ માટે ગાંધીનગર શહેરી સેરી ફેરીયાઓનો સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો તેમ ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આજે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

તેમણે જણાવ્યુ હતુ કે હોકર્સ લાયસન્સ મનપા દ્વારા ફાળવવામાં આવ્યા પછી દબાણની સમસ્યા પણ હલ થશે અને આજીવિકાનો પ્રશ્ન હલ થશે એટલુ જ નહિ શ્રમજીવીઓ શાંતિથી ધંધા રોજગાર કરી શકશે.

ધારાસભ્ય સી.જે. ચાવડાએ યાદીમાં જણાવ્યું છે કે ગાંધીનગર શહેરી વિસ્તારમાં ફેરિયા તરીકે નાની મોટી રોજગારી મેળવવા શ્રમજીવી ભાઈ/બહેનોને ધારાસભ્ય સી.જે. ચાવડા તરફથી ગુજરાત સરકારમાં વારંવાર રજૂઆતો કરતાં સરકારશ્રીએ મ્યુ. કમિશનર ગાંધીનગર દ્વારા મહાનગરમાં હોકર્સ લાયસન્સ આપવાની પ્રક્રિયા, દીનદયાળ અંત્યોદય યોજના, રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનના એસ.યુ.વી. ઘટક હેઠળ હોકર્સ લાયસન્સ આપવા અન્વયે ગુજરાત અર્બન લાઈવલી હુડ મિશન દ્વારા, ગાંધીનગર શહેરી સેરી ફેરીયાઓને સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. તે રીપોર્ટ મુજબ વેન્ડીંગ પ્લાન બનાવવા માટે કાર્યવાહી કરવામાં આવશે. જેમાં નિયુક્ત થનાર એજન્સી દ્વારા વેન્ડીંગ પ્લાન તૈયાર કરવામાં આવશે. ત્યાર બાદ હોકર્સ લાયસન્સ આપવામાં આવશે. જેનાથી દબાણની સમસ્યાઓનો હલ થશે અને આજીવિકાનો પ્રશ્ન પણ હલ થશે અને શ્રમજીવીઓ શાંતિથી ધંધો રોજગાર કરી શકશે.

# જિલ્લામાં ૩,૪૩,૭૭૭ પશુનો રસીકરણ અભિયાનમાં આવરી લેવાયા

**રસીકરણ અભિયાનમાં ૧,૧૮,૦૪૭ ગાય સંવર્ગ અને ૨,૨૫,૭૩૦ ભેંસ સંવર્ગના પશુધનને આવરી લેવાયા**

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લામાં ખરવા-મોવાસા રસીકરણ અભિયાનમાં ૩,૪૩,૭૭૭ પશુધનને આવરી લેવામાં આવ્યુ છે.

જિલ્લામાં ૧લી સપ્ટેમ્બરથી ૧૦ ઓક્ટો. દરમ્યાન હાથ ધરાયેલ આ રસીકરણ અભિયાનમાં ૧,૧૮,૦૪૭ ગાય સંવર્ગ અને ૨,૨૫,૭૩૦ ભેંસ સંવર્ગના પશુધનને આવરી લેવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકામાં ૭૩,૭૬૯ પશુ, માણસામાં ૮૭,૩૩૬ પશુ, ગાંધીનગરમાં ૯૫,૧૨૩ પશુ અને દહેગામમાં ૮૭,૫૪૯ પશુધનને આ રસીકરણ અભિયાનમાં આવરી લેવામાં આવેલ છે.

જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા આ મહત્વાકાંક્ષી રસીકરણ અભિયાન સંપન્ન થતાં તંત્રએ રાહતનો દમ લીધો છે.

# આજથી જિલ્લાની પ્રા. શાળાઓમાં પ્રથમ સત્રાંતનું મૂલ્યાંકન આરંભાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યભરની પ્રાથમિક શાળાઓમાં આજથી પ્રથમ સત્રાંતના મૂલ્યાંકનની કામગીરી શરૂ થશે જે આ માસના અંત સુધી ચાલશે.

જિલ્લામાં ૧,૧૨,૦૦૦ બાળકોનું આજથી પ્રથમ સત્રાંત મૂલ્યાંકન પ્રક્રિયા હાથ ધરવા માટેની તંત્રએ તેની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. બાહ્ય સુપરવિઝન અને ૨૫ ટકા બાળકોનું બાહ્ય મૂલ્યાંકનની નવી પદ્ધતિ સાથે આ સત્રાંત મૂલ્યાંકન હાથ ધરવામાં આવનાર હોવાથી તંત્રના અધિકારીઓ પણ રોમાંચિત જોવા મળી રહ્યા છે.

આ મૂલ્યાંકન માટેના પ્રશ્નપત્રો પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તૈયાર કરી અને જિલ્લા શિક્ષણ સમિતિઓને સોંપવામાં આવ્યા છે.

મિશન વિદ્યા પછી એક સાથે રાજ્યની તમામ પ્રા. શાળાઓમાં આ પ્રથમ સત્રાંત મૂલ્યાંકન હાથ ધરવામાં આવી રહ્યુ છે.

જિલ્લામાં આ માટેની સંપૂર્ણ તૈયારીઓ સંપન્ન થઈ ગઈ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જો કે મૂલ્યાંકનનું પરિણામ થોડુંક મોડુ જરૂર તૈયાર થશે કારણ કે શાળાના વર્ગ શિક્ષક દ્વારા પેપરોની ચકાસણી પછી ૨૫ ટકા ઉત્તરવહીઓની ચકાસણી બાહ્ય મૂલ્યાંકન દ્વારા કરવાની થતી હોવાથી દિવાળી વેકેશન પછી તેનુ પરિણામ આવશે.

# સરદાર જેવા મહાપુરુષને જોવા ગાંધીજીના ચશ્મા જોઈએ : વાઘાણી

**જીતુ વાઘાણીના કોંગ્રેસ પર આકરા પ્રહારો**

નર્મદા,તા.૨૩

દેશમાં આગામી ૩૧મી ઓગસ્ટે સરદારની વિશ્વ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના અનાવરણને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. કોંગ્રેસ-ભાજપમાં આ મુદ્દે રાજકારણ ગરમાઈ ગયું છે. આજે ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી કેવળીયા કોલાની ખાતે તૈયારીઓ જોવા પહોંચ્યા હતા.

તે પ્રસંગે રાહુલ ગાંધી અને સોનાયા ગાંધીને આડે હાથ લીધા હતા. જીતુ વાઘાણીએ કોંગ્રેસને આડે હાથ લેતા કહ્યું કે, સરદાર જેવા મહાપુરુષને જોવા માટે ગાંધીજીના ચશ્મા જોઈએ. ઈટલીના ચશ્માથી કે નહેરૂની નજરથી આ મહામાનવ ના દેખાય.

ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ આજે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. તેમની સાથે ભાજપ પ્રદેશ મહામંત્રી ભીખુ દલસાનિયા, ભરતસિંહ પરમાર, પૂર્વ વન મંત્રી શબ્દશરણ તડવી અને જિલ્લા પ્રમુખ ઘનશ્યામ દેસાઈ સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. વધુમાં વાઘાણીએ કહ્યું કે, અમારી સરકાર તો અસરગ્રસ્તો જ છે. પણ રાજકીય રોટલા શેકનારાઓને લોકો ઓળખે તે જરૂરી છે.

જીતુ વાઘાણીએ કોંગ્રેસ અને ગાંધી પરિવાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસે સરદાર વલ્લભભાઈ પટેલને હાંસિયામાં ધકેલી દીધા હતા. કોંગ્રેસે સરદારને ના તો વડાપ્રધાન બનાવ્યા, કે ના તો ભારત રત્ન આપ્યો. હવે તેમની વિરાટ પ્રતિમાનો વિરોધ કરે છે.

# બિટકોઈન કેસમાં ભાગેડુ જતિન જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાયો

અમદાવાદ, તા.૨૩

ગુજરાતભરમાં ભારે ખળભળાટ મચાવનારા રૂ.૧૨ કરોડના બિટકોઈન કેસમાં ભાગેડુ આરોપી જતીન પટેલે ગઈકાલે મોડી સાંજે અમદાવાદની સ્પેશ્યલ એસીબી કોર્ટ સામે શરણાગતિ સ્વીકારી હતી. જો કે, કોર્ટે આરોપી જતીન પટેલને સાબરમતી જેલમાં જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કરી આ કેસમાં સીઆઈડી ક્રાઈમને નોટિસ જારી કરી હતી. કોર્ટે કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં રાખી હતી.

સુરતના બિલ્ડર શૈલેષ ભટ્ટ દ્વારા સીઆઈડીમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, અમરેલી પોલીસ અને નલિન કોટડીયા તેમજ તેમના સાગરિતો દ્વારા તેમના આ અપહરણનું કાવતરૂ ઘડી તેમનું ગાંધીનગરથી અપહરણ કરવામાં આવ્યું હતું.

# સેક્ટરોની અંતરિયાળ કચરાપેટીઓમાં એક્સપાયરી ડેટની દવાઓ કોણ ઠાલવી ગયું : લોકચર્ચા



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના સેક્ટરોની અંતરિયાળ મુકાયેલી કચરાપેટીઓમાં એક એમ્બ્યુલન્સ અને એક રીક્ષા દ્વારા આઉટ ઓફ ડેટ થઈ ગયેલી દવાઓનો મોટો જથ્થો ઠાલવી દેવાયાની વાતોએ શહેરભરમાં ચકચાર જગાવી અને લોકજીભે ચર્ચાનું સ્થાન લીધુ છે.

સે. ૨૩, સે. ૨૪ સહિતના સેક્ટરોમાં અંતરિયાળ મુકાયેલી કચરાપેટીઓમાં આ દવાઓનો નિકાલ કેમ કરાયો તેની ચિંતા સાથે લોકજીભે આ ચર્ચા જગાવી છે. દવાઓની એક્ષપાયરી ડેટ આવી ગઈ છતાં કોને વપરાશમાં ના લીધી અથવા તો કેમ લોકોને પહોંચી નહિ.

આ નિકાલ માટે સેક્ટરોની અંતરિયાળ કચરાપેટીઓનો સંધ્યાકાળે જ કેમ ઉપયોગ કરાયો ? વસાહતીઓ કોઈક કંઈક નાખી રહ્યુ છે તેમ જણાતાં આ વાહનો કેમ ભાગી છુટ્યા હતા ?

મેડીકલ વેસ્ટ માટે શહેરની કચરાપેટીઓનો ઉપયોગ કોણે કર્યો અને તંત્રએ પણ તેની તપાસ હાથ ધરવી જોઈએ તેવી માંગ લોકોમાં ઉઠી છે. શહેરની કચરાપેટીઓ નિયમિત રીતે સાફ નથી થતી પણ આજે સે. ૨૩ અને ૨૪ના અંતરિયાળ વિસ્તારોમાં મુકાયેલી કચરાપેટીઓ આ દવાથી ઉભરાઈ જવા પામી છે.

# હવામાનની પ્રતિકૂળતાઓને લઈ રવિ સીઝનના વાવેતર માટે ખેડૂતોમાં ઉત્સાહનો અભાવ

ગાંધીનગર, તા. ૨૩

રવિ સીઝનની વાવણી માટે જિલ્લામાં હજુ પણ ખેડૂત અવઢવની સ્થિતિમાં છે. ખરીફ સિઝનની કાપણી સંપન્ન થવામાં છે પરંતુ આ વખતે રવિ સીઝનની વાવણીનો પ્રારંભ વિલંબથી થશે તેમ ખેડૂત આગેવાનો સાથેની વાતચીતમાંથી જાણવા મળેલ છે.

હવામાનની પ્રતિકૂળતાને લઈ ખેડૂત અવઢવમાં છે. બીજુ ઠંડીનું વાતાવરણ જામતુ નથી રવિ સીઝન માટેનું અનુકૂળ વાતાવરણ જ નથી એટલે રાયડાના પાકના વાવેતરનો સમય થઈ ગયો હોવા છતાં ખેડૂતો હજુ કોઈ ઉતાવળમાં નથી.

જિલ્લામાં ૫૦ ટકાથી પણ ઓછો વરસાદ થયો હોવાથી જમીનમાં ભેજ પણ ઓછો છે. જે રીતે ગરમી પડી રહી છે તેને કારણે આ ભેજનું તત્વ ઘટી રહ્યુ છે અને જમીનમાં ભેજનું તત્વ ઘટતાં પાકના ઉગાવા પર તેની વિપરીત અસરો થતી હોય છે.

જિલ્લામાં હાલ બેવડી ઋતુ પ્રવર્તી રહી છે. આમેય જિલ્લામાં ઘઉં સહિતના પાકોનું વાવેતર ૧૫મી નવેમ્બર પછી કરવા માટે વૈજ્ઞાનિકો સાથેની ગોષ્ઠીમાં ખેડૂતોને જણાવવામાં આવ્યુ હતુ તેથી પણ ખેડૂતો વાવેતર માટે ઉતાવળમાં નથી.

ભૂગર્ભ પાણીની સપાટીના સ્તર પણ નીચે ઉતર્યા છે જેને કારણે પિયત મોંઘુ થશે એટલે પણ ખેડૂતો આ વખતે રવિ સીઝનના વાવેતર માટે બહુ ઉત્સાહી જણાતા નથી.

જિલ્લામાં રવિ સીઝન દરમ્યાન ૬૫ હજાર હેક્ટરથી ૯૦ હજાર હેક્ટરમાં વાવેતર થતુ હોય છે પણ જે રીતે સતત હવામાન બદલાતુ રહે છે તે જોતાં આ વખતે રવિસીઝનના વાવેતર વિસ્તારમાં ઘટાડો થવાની સંભાવનાઓ નકારાતી નથી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



દિપાવલીના તહેવારો માટે
ફ્રેશ ડ્રાયફ્રુટ,
ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ



અરિહંત ડ્રાયફ્રુટ્સ
રૂ. ૨૦૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
C/O રૂષભ એન્ટરપ્રાઈઝ
પ્લોટ નં. ૪૦૩,
સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ)
સેક્ટર-૩૦ ચાર રસ્તા પાસે,
અક્ષરધામ રોડ, ગાંધીનગર
હેમાંગ આર. ગાંધી
93777 23164
આર. ડી. ગાંધી
99241 23164

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com